અમદાવાદ મધ્યસ્થ જેલમાં કેદીઓ માટે
ટેલીફોન બુથની સુવિધા શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંકઃજલક/૧૭૨૦૦૮/૪૨૨૫/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 27 APR 2010

વંચાણે લીધાઃ-

(૧) જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી,ગુજરાત રાજય, અમદાવાદના તા.૧૪/૧૦/૨૦૦૮ના પત્ર ક્રમાંકઃખાસ/૧/૫૮૨/૨૦૦૮

(૨) જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય,અમદાવાદના તા.૨૪/૪/૨૦૦૯ના પત્ર ક્રમાંકઃખાસ/૧/૨૯૬/૨૦૦૯

(૩) જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદના તા.૨૪/૨/૨૦૧૦ના પત્ર ક્રમાંકઃખાસ/૧/૧૬૨/૨૦૧૦

ઠરાવઃ-

રાજયની જેલોમાં રાખવામાં આવેલ કેદીઓના સગા-વ્હાલાઓને જેલ મેન્યુઅલના નિયમ મુજબ દર અઠવાડીયે એક વખત મુલાકાત આપવામાં આવે છે. જે માટે કેદીઓના સગા-સંબંધીઓને મુલાકાત માટે બહારગામથી લાંબુ અંતર કાપીને આવવું પડતું હોય છે. કેદીઓને પોતાના નજીકના સગાસંબંધીઓની ચિંતા સતાવતી હોય છે, અને તેઓ તેમની સાથે સંપર્ક કરવા ઉત્સુક રહેતા હોય છે અને તેથી મોબાઇલ ફોનના અનધિકૃત ઉપયોગ ધ્વારા તેમની આવી ઇચ્છા સંતોષવા પ્રયત્નશીલ હોય છે. જેથી આ સુવિધા કેદીઓને ઉપલબ્ધ કરાવવામાં આવે તો વર્તમાન સંજોગોમાં જેલની સલામતી માટે પડકારજનક બની રહેલ મોબાઇલ ફોનનાં અનધિકૃત ઉપયોગને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાશે. જેલમાં જામર સીસ્ટમ લગાવવા છતાં નજીકમાં આવેલ રહેણાંક વિસ્તારોના કારણે આ સીસ્ટમ ફુલપ્રુફ બની શકવાનું મુશ્કેલ બને છે. આ સંજોગોમાં કાયદેસર રીતે તેમનાં સગાસંબંધીઓ સાથે ટેલીફોનથી વાતચીત કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તો બંને પક્ષે અનુકુળ થઇ શકે તેમ છે. જેલમાં ટેલીફોન બુથ સ્થાપિત કરી જેલની શિસ્ત અને સલામતીને ધ્યાને રાખી કેદીઓ ધ્વારા થતી વાતચીતનું રેકોર્ડીંગ થઇ શકે તેવી રીતે કેદીઓના સગાસંબંધીઓ સાથે ટેલીફોનનો ઉપયોગ કરવા માટે કેદીઓને છુટ આપવામાં આવે તે જરૂરી જણાય છે. આમ, સલામતીના પસાઓ તથા કેદી કલ્યાણ પ્રવૃત્તિના ભાગરૂપે અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે તેમજ વડોદરા મધ્યસ્થ જેલ ખાતે પ્રાયોગિક ધોરણે ટેલીફોન

બુથ શરૂ કરવા અંગે સંદર્ભમાં જણાવેલ ક્રમાંક(૧),(૨)અને(૩)ના પત્રથી જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, અમદાવાદે દરખાસ્ત કરેલ છે.

૨. જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, અમદાવાદની ઉકત દરખાસ્ત અંગે કાળજીપૂર્વકની વિચારણા બાદ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે હાલ પ્રયોગિક ધોરણે ૩ (ત્રણ) મહિના માટે ટેલીફોન બુથની વ્યવસ્થા ગોઠવવા માટે મંજુરી આપવામાં આવે છે. અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે આ ટેલીફોન બુથની વ્યવસ્થા નીચે જણાવેલ શરતોને આધીન રહેશે.

(૧) ટેલીફોન બુથ પરથી ટેલીફોનથી વાતચીત કરવા માટેનો દરરોજનો નિર્ધારિત સમયગાળો સવારના ૧૦ થી ૧૨ વાગ્યા સુધી અને બપોરના ૧૫.૦૦ થી ૧૭.૦૦ કલાકનો રહેશે.

(૨) કેદીઓ ટેલીફોનથી ફકત તેમના અતિ નજીકના સગાઓ, વકીલો તથા મિત્ર સાથે વાત કરી શકશે. સરકારી કચેરીઓ કે પ્રાઇવેટ એજન્સીની વ્યકિતઓ સાથે વાતચીત કરવાનો પ્રતિબંધ મુકવાનો રહેશે. કેદીઓએ આ સુવિધાનો લાભ મેળવવા માટે પોતાના સૌથી નજીકના કોઇપણ બે સગાઓના નામ સરનામા તથા ટેલીફોન નંબરો આપવાના રહેશે.

(૩) એક કેદીને અઠવાડિયામાં ફકત ૨(બે) વખત ટેલીફોનથી વાતચીત કરવાની મર્યાદા નક્કી કરવાની રહેશે. ખાસ કારણોસર વાતચીત કરવાની આવશ્યકતા જણાશે તો અધિક્ષક સ્વવિવેકાનુસાર મંજુરી આપી શકશે.

(૪) ટેલીફોનથી વાતચીત કરવાની મહત્તમ અવધિ ૫ (પાંચ) મીનીટની રહેશે. આ નિયત અવધિ કરતાં વધુ વાતચીત કરવાની છૂટ આપી શકાશે નહિ.

(૫) ટેલીફોન બુથ ખાતે ટેલીફોન જોડાણ બી.એસ.એન.એલ. લેન્ડ લાઇન એસ.ટી.ડી. સુવિધાનું લેવાનું રહેશે, અને ભારત દેશ પુરતી વાતચીત કરી શકાશે. ભારત દેશ બહાર વાતચીત થઇ શકશે નહિ. આ જોડાણ ફકત આઉટ ગોઇંગ પુરતું સિમિત રાખવાનું રહેશે.

(૬) ટેલીફોન બુથના ઇન્ચાર્જ તરીકે જેલર ગ્રુપ-૨ અથવા ગાર્ડીંગ સ્ટાફના કર્મચારીને રાખવાના રહેશે અને તેઓના ઓબ્ઝર્વેશન નીચે અને હાજરીમાં કેદી વાતચીત કરી શકશે. તેઓએ કેદી પાસેથી ટેલીફોન નંબર ડાયલ કરી સામેના વ્યકિત સાથે કનેકટ કરી ખાતરી કર્યા બાદ કેદીને ટેલીફોન વાતચીત કરવા આપવાનો રહેશે.

(૭) કેદીઓ પાસેથી ટેલીફોન કોલ ચાર્જ મોનીટરીંગ મશીનમાંથી આઉટપુટ સ્લીપમાં જણાવ્યા મુજબની રકમ રાઉન્ડ ફીગરમાં કેન્ટીન કુપનથી વસુલાત કરવાની રહેશે.

(૮) ટેલીફોન કાર્યરત થયા બાદ કેદીઓ ધ્વારા જેલમાં બનતી ઘટનાઓની માહિતીની આપ-લે, જેલ વહીવટ સુરક્ષા વિરુધ્ધની, રાજય કે દેશ વિરોધી, ધમકી ભાષામાં કોઇપણ પ્રકારની ગુન્હાહીત વાતચીત કરી શકશે નહિ. અને આવી બાબત ધ્યાન પર આવે તો તુરત જ ટેલીફોન ડીસકનેકટ કરી વાતચીત અટકાવી કસુરદાર કેદી સામે જેલ મેન્યુઅલના નિયમોનુસાર જેલ શિક્ષાઓ કરવાની રહેશે.

(૯) ટેલીફોન બુથ પર ટેલીફોન મારફતે થતી તમામ વાતચીતનું રેકોર્ડીંગ કરવાનું રહેશે અને દરેક કોલની નોંધ રજીસ્ટરમાં કરવાની રહેશે અથવા તો કોમ્પ્યુટરમાં અલગ સોફટવેરમાં તમામ કોલનો ડેટા રાખવાનો રહેશે.

(૧૦) ટેલીફોન બુથની બહાર ટેલીફોનથી વાતચીત કરવા અંગેની સુચના આપતું બોર્ડ કેદીઓની જાણકારી માટે રાખવાનું રહેશે.

(૧૧) ફકત પ્રથમ વખત સજા પામેલ અને પ્રથમ વખત ગુન્હામાં સંડોવાઇને જેલમાં આવેલ કાચા કામના કેદીઓને જ આ સુવિધાનો લાભ મળવાપાત્ર થશે. પરંતુ જે કોઇ કાચા કામના કે પાકા કામના કેદીઓ રાજય વિરુધ્ધના ગુનામાં, આતંકવાદી ગુનાઓ સાથે સંકળાયેલ, ધાડ, એક કરતાં વધારે ખૂન, લૂંટ અને પોટા, ખંડણી માટે અપહરણના ગુના, ગેંગરેપ, ગેંગન. ગુન્હાઓમાં સંડોવાયેલ તેમજ આંતરરાષ્ટ્રીય ગુનેગારો/કેદીઓ, એનએસએ, પાસા, હેઠળના અટકાયતી ઓને ટેલીફોનની સુવિધામાંથી બાકાત રાખવાના રહેશે.

(૧૨) પોટા, ટાડા, અનલોફુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ, એન.ડી.પી.એસ. એકટ, ધિ કન્ઝરવેશન ઓફ ફોરેન એક્ષચેન્જ એન્ડ પ્રિવેન્શન ઓફ સ્મગલીંગ એકટીવીટી એકટ, આર્મ્સ એન્ડ એકસ્પ્લોઝીવ એકટ, ઉપરાંત દેશદ્રોહની કલમો લાગેલી હોય તેવા કાચા-પાકા કામનાં કેદીઓને આ સુવિધામાંથી બાકાત રાખવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ પટેલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,

- જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
- અધિક્ષકશ્રી, અમદાવાદ મધ્યસ્થ જેલ
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હીસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ.
- અધિક્ષકશ્રી, સર્વે જીલ્લા જેલ, સબ જેલ, ખાસ જેલ (જે.ઇ.જ.શ્રી મારફત)
- નાયબ સેકશન અધિકારી, સીલેકટ ફાઇલ
- શાખા સીલેકટ ફાઇલ